Order below Exh..1 in Criminal Case No. 5735/2018

(૧) હાલના કેસમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના અંગે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ અન્વયે આરોપી વિરુધ્ધ ઈ.પી.કોડની કલમ– ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪, મુજબના ગુના સબબનુ ચાર્જસીટ દાખલ કરેલ છે.

હવે, સદરહું કેસનુ રેકર્ડ ધ્યાને લેતા આરોપી વિરુધ્ધનો કેસ છ માસથી વધુ જુનો છે. સદરહુ કેસનું રેકર્ડ ધ્યાને લેતા આ કામે આરોપીઓને અવાર નવાર વોરંટ બજવણી અર્થે ઇસ્યુ કરવામાં આવેલ હોવા છતા વોરંટ બજેલ નથી.આરોપી દ્વારા જે તે વખતે રોકડ જામીનગીરીની રકમ ભરવામા આવેલ છે. કામ ઘણા લાંબા સમયથી કામ આરોપીને વોરંટની બજવણી પર ચાલે છે.

હવે, સદરહુ આરોપી સામેના ગુનાનો આરોપ ધ્યાને લેતા સમન્સ ટ્રાયબલ પ્રકારના ગુનાનો આરોપ છે અને પોલીસ ચાર્જસીટ આધાર દાખલ કરવામાં આવેલ છે. આ અદાલત ધ્વારા સદરહુ આરોપીને હાજર રખાવવા ફરીયાદપક્ષને પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવેલ છે તેમ છતાં કરીયાદપક્ષ સદરહ આરોપીને હાજર રાખવામાં નિષ્ફળ ગયેલ હોય તેવુ જણાઈ આવે છે અને તેથી સદરહુ કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ના વ્યાપમાં પડતો હોય તેવુ જણાય છે.

(૨) રંજન દ્રીવેદી વિરુધ્ધ સી.બી.આઈ, એ.આઈ.આર. ૨૦૨૧ એસ.સી. ૩૨૧૭ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપીત કરેલ છે કે, The Criminal courts should exercise their available powers, such as those under sec 309,311,258 of the code of criminal procedure to effectuate the right of speedy trial. A watchful and diligent trial judge can prove to a better protector of such right than any guidelines. In appropriate cases, jurisdiction of the high court under section 482 Crpc and Articles 226 & 227 of the constitution can be invoked seeking appropriate relief or suitable directions,

મુલચંદ મોતીલાલ રાકા વિરુધ્ધ ધી સ્ટેટ ઓફ મહારાષ્ટ્રા, ૧૯૯૬ કાઈમ્સ ૧૭૭, નામદાર બોમ્બે હાઈકોર્ટે પ્રસ્થાપીત કરેલ છે કે, Section 258 of the code which empowers to stop the proceedings in certain cases situations, cannot be is inteded to meet with certain where the presence of accused persons secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter adopting normal procedure contemplated by the code for one reason or other such as herein above stated, in such situation it would be open to Magistrate to stop further proceedings of the case. Section 258 of the code can be resorted to where the special or unusual circumstances exist, such as non–appearance of the accused before the court for considerable' time or of

the import witness of the prosectuion, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, whithout any hindrance, in the normal manner, as per procedure under the code, the provisions of Section 258 of the can be resorted to.

(૦૩) સદરહુ કેસનુ  રેકર્ડ , ઉકત જણાવેલ હકીકતો તથા ઉકત જણાવેલ ચુકાદામાં કરવામાં આવેલ અવલોકન ધ્યાને લેતા ઉકત હકીકતે  આરોપીને હાજર રખાવી શકેલ ન હોવાથી સદરહુ આરોપી વિરુધ્ધના ગુનાની સજાની જોગવાઇ તથા કેસનો પ્રકાર ધ્યાને લેતા કેસને લંબાવવો ન્યાયોચીત જણાઈ આવતુ નથી અને તેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે સદરહુ આરોપી વિરુધ્ધની કાયવાહી પડતી મુકી આરોપીને બિનતોહમત મુકત ગણી તેમની સામેનો કેસ ફૈસલ ગણી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે .

**–:: આખરી હુકમ :–**

સદરહુ કેસ ના આરોપી સામેનો સદરહુ કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ હકીકતે તથા ઉપર જણાવેલ ચર્ચા મુજબ સદરહુ કેસ ફેસલ કરવામાં આવે છે .

વધુમાં, સદરહુ કે સ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અનવયે આરોપી ન મળી આવવાના કારણોસર બંધ કરવામાં આવેલ હોવાથી જ્યારે પણ સદરહુ આરોપી મળી આવે ત્યારે ફરીયાદપક્ષ સદરહુ કેસ ઓપન કરાવી શકશે અને ફરીયાદપક્ષને ક્રિ મીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦(૫)નો બાધ આવશે નહીં.

વધુમા, સદરહ કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરેલ હોવાથી હાલના તબકકે મુદામાલ બાબતે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સદરહુ હુકમ આજરોજ તા.૧૨ મી જુલાઇ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા સ્પે.સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬ — સહી/–

ગાંધીધામ. — ( વિજયકુમાર જયંતીભાઈ ચૌહાણ )

સ્પે.સીટીંગ. — બીજા અધીક સીનીયર સીવીલ જજ તથા

એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,ગાંધીધામ.

Judge Code: GJ01011